GJPM020011602016

Presented on : 17-02-2016
Registered on : 17-02-2016
Decided on : 10-08-2026
Duration : 10Y, 5M, 24D

---

**ગોધરાનાં મહેરબાન ત્રીજા એડી.સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં જી.પંચમહાલ, મુ.ગોધરા.**

---

**ફોજદારી કેસ નં. ૫૪૪/૨૦૧૬**

**આંક–**

**ફરીયાદી :–**

શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપી :–**

૧) ઈમરાન એહમદ અલી,

રહે, રાજન મસ્જીદ પાસે, ગોધરા, જિ. પંચમહાલ

૨) ઈસ્માઈલ હુસેન ભટુક,

રહે. ગોહયા મહોલ્લા ગોધરા, જિ. પંચમહાલ

૩) આસીફ યાકુબ ચરખા,

રહે, રેલ્વે સ્ટેશન મેંદા પ્લોટ, ગોધરા, જિ. પંચમહાલ.

૪) સબ્બીર હુસેન ઝભા,

રહે, રહે, રેલ્વે સ્ટેશન મેંદા પ્લોટ, ગોધરા, જિ. પંચમહાલ.

૫) અબ્દુલ રઉફ અબ્દુલ્લા સબુરીયા, (એબેટ)

રહે, સાતપુલી સોસાયટી, ગોધરા

૬) વસીમ અબ્દુલ ગફાર અદા,

રહે, કલોટા પ્લોટ, પટેલ બોર્ન મીલની પાછળ, ગોધરા, જિ. પંચમહાલ.

---

ગુનો :– આઈ. પી. સી. ૩૦૭, ૩૩૨, ૧૮૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧ ૪૯, ૩૫૩, ૩૪૧ તથા પબ્લીક પ્રો. ડેમેજ એકટ ૩, ૫ મુજબ.

---

**–:: કમીટલ હુકમ ::–**

(૧) સદરહુ કામે ગોધરા શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૯૧/૧૫, આઈ. પી. સી. ૩૦૭, ૩૩૨, ૧૮૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૫૩, ૩૪૧ તથા પબ્લીક પ્રો. ડેમેજ એકટ ૩, ૫ મુજબ આરોપી સામે ઉપરોકત ગુનાનુ ચાર્જશીટ અત્રેની કોર્ટમા ઈન્સાફી કાર્યવાહી માટે રજુ કરવામાં આવ્યું છે.

(૨) આરોપી નામદાર કોર્ટમા હાજર થતા તેઓને સી.આર.પી.સીની કલમ ૨૦૭ ની જોગવાઈ અનુસાર પોલીસ તપાસના કાગળો મળ્યા અંગેની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીઓ પોતાના આંક – ૫૯, ૬૩, ૭૦,૭૬, ૭૯ થી નિવેદનમાં જણાવેલ છે કે, તેઓ ખાનગી વકીલ રોકી બચાવ કરવા માંગે છે. તેમજ આરોપીઓ જામીન મુકત હોય જામ નદાર તરીકે જામીન ચાલુ રહેવા અંગેની પુરશીશ આંક ૬૪, ૬૭, ૭૩, ૯૯, ૧૦૬ થી રજુ રાખેલ છે, તથા આરોપીઓ તરફે જામીન અરજી તળેના હુકમ મુજબ પાસપોર્ટ ન હોય તે અંગેનુ સોગંદ નાસુ આંક – ૮૬, ૮૭, ૯૭, ૧૦૦, ૧૦૯ થી જમા કરાવેલ છે, આરોપીઓ સામેના ઉપરોકત ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા અત્રેની કોર્ટને ન હોય અને સી.આર.પી.સી. ની કલમ ૨૦૯ અન્વયે માત્ર

નામદાર સેશન્સ કોર્ટને જ સત્તા હોઈ, તેથી હું આ કેસ ન્યાયના હિતમા કમીટ કરવા નિચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**–:: હુકમ ::–**

(૧) સદરહુ કેસ નામદાર સેશન્સ કોર્ટ, પંચમહાલ સું. ગોધરા સમક્ષ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કેસનુ તમામ અસલ રેકર્ડ, સુદ્ધામાલ વિગેરે નામદાર સેશન્સ કોર્ટ, પંચમહાલ સુકામ –ગોધરા સમક્ષ મોકલી આપવું.

(૩) કેસ કમીટ થયાની જાણ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૯ (ડી) અન્વયે પબ્લીક પ્રોસીકયુટરને યાદીથી કરવી.

(૪) આ કામના આરોપીએ **તા. ૧૦–૦૯–૨૦૨૬** ના રોજ નામદાર સેશન્સ અદાલતમા **સવારના ૧૧–૦૦** કલાકે હાજર રહેવાની સમજ આપવી.

હુકમ આજરોજ તારીખ – ૧૦ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગોધરા.

તા. ૧૦/૦૮/૨૬

(ધવલકુમાર ચંદ્રકાંત ગોહીલ)
ત્રીજા એડી ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ગોધરા, પંચમહાલ.
(Code No.GJ01240)